# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/409 Dt. 19/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના SBC દ્વારા વિશિષ્ટ એવા AI ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ' યોજાયો

## કોન્કલેવમાં ત્રણ રાઉન્ડના અંતે કુલ ૨૫૮૪ રેફરન્સ પાસ થયા, રૂપિયા ૧૦ કરોડથી વધુના બિઝનેસની શકયતા

### ગુજરાતમાં પ્રથમ વખત આયોજિત AI ડ્રિવન કોન્કલેવમાં સુરત ઉપરાંત ગાંધીનગર, ગાંધીધામ, વડોદરા અને અમદાવાદથી ૬૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના SGCCI બિઝનેસ કનેકટ દ્વારા શનિવાર, તા. ૧૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦થી બપોરે ૨:૦૦ કલાક દરમિયાન પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે AI ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કોન્કલેવમાં નિષ્ણાત વકતાઓ તરીકે મુંબઈના NLP ટ્રેઇનર શ્રી અમિત પાઠક અને સુરતના બિઝનેસ કોચ શ્રી વિશાલ શાહ ઉપસ્થિત રહ્યા હતા. વકતાઓએ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને આધુનિક ટેકનોલોજી, ખાસ

કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ દ્વારા બિઝનેસ ગ્રોથ કેવી રીતે મેળવી શકાય તેની વિગતવાર છણાવટ કરી માર્ગદર્શન આપ્યું હતું.

NLP ટ્રેઇનર શ્રી અમિત પાઠકે જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હવે માત્ર ટેકનોલોજી નથી રહી, પરંતુ બિઝનેસ ગ્રોથ માટેનું શક્તિશાળી સાધન બની ગયું છે. એઆઇના યોગ્ય ઉપયોગ દ્વારા નાના અને મધ્યમ ઉદ્યોગો પણ પોતાના ઓપરેશન્સને સ્માર્ટ બનાવી શકે છે, ગ્રાહકોને વધુ સારી સેવા આપી શકે છે અને માર્કેટમાં સ્પર્ધાત્મકતા વધારી શકે છે. આજના સમયમાં ડેટા આધારિત નિર્ણય લેવું ખૂબ જ મહત્વપૂર્ણ છે અને એઆઇ તેમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

બિઝનેસ કોચ શ્રી વિશાલ શાહે જણાવ્યું હતું કે, બિઝનેસમાં ઝડપ અને કાર્યક્ષમતા બંને ખૂબ જરૂરી છે અને એઆઇ આ બંને બાબતોમાં નોંધપાત્ર સુધારો લાવી શકે છે. ડિજિટલ ટૂલ્સ અને ઓટોમેશનનો ઉપયોગ કરીને વ્યવસાયિકો પોતાના સમય અને સંસાધનોનો વધુ સારો ઉપયોગ કરી શકે છે. જે બિઝનેસ સમયસર નવી ટેકનોલોજી અપનાવે છે તે જ ભવિષ્યમાં સફળતા હાંસલ કરશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, SGCCI બિઝનેસ કનેકટ દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ વખત એક અનોખા કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ AI ડ્રિવન 'સ્પીડ બિઝનેસ નેટવર્કિંગ કોન્કલેવ' આયોજિત કરવાનો મુખ્ય હેતુ ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને ઝડપી અને અસરકારક રીતે નવા બિઝનેસ કનેકશન બનાવવાની તક પ્રદાન કરવાનો હતો. આ કોન્કલેવમાં સંપૂર્ણપણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અંતર્ગત અસરકારક નેટવર્કિંગ માટે ફેસ ટુ ફેસના ત્રણ રાઉન્ડ કરવામાં આવ્યા હતા.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આ અનોખા કોન્કલેવમાં સુરતની ૧૦થી વધુ પ્રતિષ્ઠિત સંસ્થાઓના પ્રતિનિધિઓને એક જ છત નીચે એકઠા થયા હતા. વિવિધ ક્ષેત્રના ૫૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો તથા પ્રોફેશનલ્સને એકત્રિત થયા હતા. વિવિધ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને એક જ પ્લેટફોર્મ પર આવી ફેસ ટુ ફેસ બિઝનેસ મિટિંગ્સ દ્વારા નવા વ્યવસાયિક સંબંધો ઉભા કર્યા હતા. બિઝનેસ ડિટેઇલ્સના આદાન–પ્રદાન થકી બિઝનેસ વધારવાની તક મળી હતી.

ચેમ્બર તથા SBCના ગૃપ ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલાએ જણાવ્યું હતું કે, આ કોન્કલેવથી શરૂઆત થઈ છે, ભવિષ્યમાં વિવિધ નેટવર્કિંગ બિઝનેસ ગૃપોનું એક મોટું પ્લેટફોર્મ બનાવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, સફળ નેટવર્કિંગ માટે ટોચના સંપર્કો ઓળખવા, પોતાની ભૂમિકા સ્પષ્ટ રાખવી અને વેચાણકાર નહીં પરંતુ સમસ્યાના ઉકેલ લાવનાર બનવું જરૂરી છે. સાથે જ ૨૪ કલાકમાં ફોલોઅપ અને મીટિંગ પહેલાં યોગ્ય પ્રાઈમિંગ દ્વારા ગુણવત્તાસભર સંબંધો વિકસાવવા જોઈએ.

કોન્કલેવ દરમિયાન ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો વચ્ચે ફેસ ટુ ફેસ બિઝનેસ મિટિંગ્સ થઇ હતી, જેમાં ૩૦–૩૦ મિનિટના ત્રણ અલગ અલગ રાઉન્ડ થયા હતા. દરેક રાઉન્ડમાં જુદી જુદી કેટેગરીના ઉદ્યોગકારો અને વ્યવસાયિકો સાથે મુલાકાત કરવાની તક મળી હતી, જેથી કોન્કલેવમાં ભાગ લેનારાઓને તેમના બિઝનેસ, પ્રોડકટ્સ તથા સેવાઓને વ્યાપક રીતે રજૂ કરવાની મહત્વની તક મળી હતી. આ સમગ્ર પ્રક્રિયા દ્વારા દરેક ઉદ્યોગ સાહસિક, ૨૧ જેટલા વિવિધ બિઝનેસમેન સમક્ષ પોતાના બિઝનેસને રજૂ કરી શકયા હતા. એઆઇ ડ્રિવન હોવાને કારણે આ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન ડિજિટલી ઓનલાઇન થયું હતું.

આ સમગ્ર કોન્કલેવ એઆઇ આધારિત હોવાથી ફેસ ટુ ફેસ દરેક બિઝનેસ મિટિંગ્સને વધુ સ્માર્ટ બનાવવા માટે દરેક ટેબલ પર કયૂઆર કોડની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભાગ લેનાર ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને જેઓની સાથે બિઝનેસ કરવામાં રસ પડયો હતો તેઓએ કયૂઆર કોડ સ્કેન કરીને ઇન્કવાયરી જનરેટ કરી હતી, જેમાં ઉદ્યોગ સાહસિકોએ વ્યકિતગત રીતે ૨૦થી લઇને ૮૧ સુધીની ઇન્કવાયરી જનરેટ કરી હતી. કોન્કલેવના ત્રણ રાઉન્ડના અંતે કુલ ૨૫૮૪ રેફરન્સ પાસ થયા હતા, જેથી રૂપિયા ૧૦ કરોડથી વધુના બિઝનેસની શકયતા વ્યકત કરવામાં આવી હતી.

SGCCI બિઝનેસ કનેકટ કમિટીના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટની પ્રવૃત્તિઓ અને કોન્કલેવ વિષે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોન્કલેવમાં ડિજિટલ પ્રક્રિયા દ્વારા બિઝનેસ સંબંધિત તમામ માહિતી તુરંત જ સિસ્ટમમાં નોંધાઈ ગઇ હતી અને તેનું લાઇવ ડિસ્પ્લે સ્ક્રીન પર જોવા મળ્યું હતું.

ચેમ્બરના માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદીએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દીપકકુમાર શેઠવાલાએ કન્કલુડિંગ રિમાર્કસ આપ્યા હતા.

કોન્કલેવ ઇન્ચાર્જ શ્રી વિશાલ બક્ષીએ એઆઇ ડ્રિવન કોન્કલેવની ટેકિનકલ બાબતો અંગે જાણકારી આપી હતી. SGCCI બિઝનેસ કનેકટ કમિટીના સભ્ય શ્રી હર્ષ ગુજરાતીએ વકતાઓનો પરિચય આપ્યો હતો. સુશ્રી પારૂલ સોશા, સુશ્રી પિન્કી દેસાઇ અને સુશ્રી પાયલ શાહે કોન્કલેવનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ચિરાગ દેસાઇ, SGCCI બિઝનેસ કનેકટ કમિટીના એડવાઇઝર શ્રી તપન જરીવાલા, સુશ્રી સ્નેહાબેન જરીવાલા અને સભ્યો સહિત સુરત ઉપરાંત ગાંધીનગર, ગાંધીધામ, વડોદરા અને અમદાવાદથી ૬૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકોએ કોન્કલેવમાં ભાગ લીધો હતો.